"મીઠાં બાળકો - આપ બ્રાહ્મણ જ ગોડલી સ્ટુડન્ટ ( ઈશ્વરીય વિદ્યાર્થી ) છો , તમને બાપે રચતા અને રચનાનું જ્ઞાન આપીને માસ્ટર જાની - જાનનહાર બનાવ્યાં છે , હવે તમે બધુંજ જાણી જાઓ છો"

પ્રશ્ન :- બીજાને સમજાવવાની ફલક કયા બાળકો માં રહેશે?

ઉત્તર :- જેમની પાસે જ્ઞાનની પૂંજી છે. જે સ્વયં દરેક વાતને સમજીને ધારણ કરે છે એ જ બીજાને ફલક થી સમજાવી શકે છે. તમારે ફલક થી બધાંને બાપનો પરિચય આપી એમની પાસે થી વારસો લેવાની વિધિ બતાવવાની છે.

ગીત :- તકદીર જગાકર આઈ હું....

ઓમ્ શાંતિ ! હકીકત માં આ ગીત ગાવાની જરુર નથી. પરંતુ બહેલાવવા માટે આ અવાજ કરવો પડે છે. હકીકતમાં આત્માને અવાજ કરવાની જરુર નથી. આત્મા તો અવાજ થી પરે નિર્વાણધામ જવા ઈચ્છે છે. બહુજ વાજા ગાજા તાળીઓ વગેરે સાંભળીને આત્મા થાકી ગયો છે એટલે હવે બાપને યાદ કરે છે-હે ભગવાન મને લઈ જાઓ. બાળકો જાણે છે આ બાપ અમને સમજાવી રહ્યાં છે. જેવી રીતે ઘરમાં બાપ અને દાદા બંને બાળકો-બાળકો કહે છે. દાદા એવું નહીં કહેશે કે પોત્રા અહીં આવો. બંને કહેશે બાળકો અહીં આવો. અહીં તો બાપ અને દાદા, સાકાર અને નિરાકાર બંને સાથે છે. હકીકતમાં સર્વ મનુષ્ય-માત્ર નાં આ બાપ અને દાદા છે. તો જરુર પરમપિતા પરમાત્માને સૃષ્ટિ રચવા આવવું પડે. તમારું નામ બહુજ સારું રાખેલું છે-બ્રહ્માકુમાર કુમારીઓ. આબુમાં પણ અધર દેવી અને કુમારી કન્યા નાં મંદિર છે. તો એક કન્યા તો નહીં હોય ને, જરુર ખૂબ હશે. બંનેનાં અલગ-અલગ મંદિર છે. અધર કુમારી કોને કહેવાય છે, કુંવારી કન્યા કોને કહેવાય છે-આ તો તમે જ જાણો છો. આ છે શિવ શક્તિઓ. અંદર બહુજ મોટું મંદિર બનાવેલું છે. બહુજ ગોખલાઓ છે તો મંદિર પણ સાક્ષી આપે છે કે કુમારીઓ અને અધર કુમારીઓ ખૂબ છે. ચિત્ર જે બનાવે છે તે પણ યાદગાર છે, જે થઈને ગયાં છે. જેમ દેવી-દેવતાઓનાં ચિત્ર છે, જરુર થઈને ગયાં છે. તેઓ વિશ્વનાં માલિક હતાં. હમણાં નથી. વિશ્વ નાં રચતાએ જ ભારત ને વિશ્વનું માલિક બનાવ્યું. કેવી રીતે? તે હમણાં પ્રેક્ટિકલ (હકીકત માં) બની રહ્યાં છે. હમણાં કળિયુગ છે. સતયુગ છે એક આદિ સનાતન દેવી-દેવતા ધર્મ. કળિયુગ માં અનેક ધર્મ અને અનેક પ્રજા નું રાજ્ય છે. તમે બાળકો જ્યારે સાંભળો છો તો સમજો છો બાબા યથાર્થ રીતે ઠીક સમજાવે છે. પરંતુ કોઈ કારણવશ અમને ધારણા નથી થતી તેથી બીજાઓને પણ ધારણા નથી કરાવી શકતાં. કાંઈ ને કાંઈ વિઘ્ન છે. અમે ડલ (નબળા) સ્ટુડન્ટ છીએ. બાકી બાપ તો ખુબ સારી રીતે સમજાવે છે. અનેક મનુષ્ય, અનેક ધર્મ છે. ૫૦૦૦ વર્ષ પહેલાં ભારત સ્વર્ગ હતું. બહુજ થોડા મનુષ્ય હતાં. ફક્ત સૂર્યવંશી અને ચંદ્રવંશી આત્માઓ પરમધામ થી આવ્યાં હતાં, પોતાનો પાર્ટ ભજવવાં. બાકી બધાં ધર્મોનાં આત્માઓ નિર્વાણધામ માં હતાં. હમણાં અનેક ધર્મ છે બાકી દેવી-દેવતા ધર્મ પ્રાય:લોપ છે, તો જરુર પછી સતયુગ બનશે. પરમપિતા પરમાત્માને જ આવીને સ્વર્ગ રચવું પડે. ભક્ત જે ભગવાન ને યાદ કરે છે તો એમને ભક્તિ નું ફળ આપવા માટે પણ અહીં આવવું પડશે. બાકી બધાંને પાછા મુક્તિધામ માં લઈ જવાના હોય છે. બીજું તો કોઈ પાછા લઈ જઈ ન શકે. જો એક પણ ગુરુ ગતિ સદ્દગતિ નો રસ્તો જાણતાં હોત તો પછી એમની પાછળ લાખો શિષ્ય પણ જાત. એ યાત્રાઓમાં તો જઈને પછી પાછા આવે છે. પરંતુ મુક્તિધામ માંથી પછી પાછા આવે જ કેમ? એકને રસ્તો મળે તો બધાંને લઈ જાય. હવે એક બાપ આવ્યાં છે તો તમને બધાંને રસ્તો મળે છે ને. બધાંને દુઃખની દુનિયાથી છોડાવે છે, તેથી એમને લિબ્રેટર કહેવાય છે. એ નિરાકારને આવવા માટે શરીર જોઈએ. તો નવી દુનિયાને રચવા માટે પ્રજાપિતા પણ જોઈએ. રચના અહીં રચવાની છે. તો બ્રહ્મા પણ અહીંયાનાં મનુષ્ય જોઈએ. સૂક્ષ્મવતન થી ઉતરી નીચે તો નહીં આવશે. કહે પણ છે હમણાં બ્રહ્મા ની રાત છે, તો બ્રહ્મા મુખ વંશાવલી ની પણ રાત છે. હવે અંતમાં બાપ આવ્યાં છે દિવસ કરવાં. બ્રહ્મા ની રાત પૂરી થાય છે તો બી.કે. ની રાત પણ પૂરી થાય છે. પ્રજાપિતા બ્રહ્મા તો ઠીક છે. હકીકતમાં બધાં મનુષ્ય આત્માઓનાં બાપ પરમાત્મા ને કહેવાય છે. બધાં એમને ગોડફાધર પરમપિતા પરમાત્મા કહે છે. સેન્સીબલ (સમજદાર) મનુષ્ય જ્યારે ગોડ ફાધર કહે છે તો કોઈ મનુષ્ય ને યાદ નથી કરતાં. કોઈ તો કહે છે તે જ્યોતિ સ્વરુપ છે, બ્રહ્મ છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર ને પણ બ્રહ્મ નહીં કહેવાય. તો પહેલાં-પહેલાં

પરિચય આપવાનો છે પોતાનો કે અમે બી. કે. છીએ. બ્રહ્માને પણ પરમપિતા પરમાત્મા રચે છે પછી બ્રહ્મા મુખ થી બ્રાહ્મણો ને રચ્યા. પ્રજાપિતા છે તો જરુર ઘણાં સંતાન હશે. આ રીતે સિજરો (વિભાગ) વધતો જાય છે. બ્રાહ્મણોનો વર્ણ બદલાઈ સતયુગી દેવતા બને છે કારણ કે બાપ બેસી બ્રાહ્મણોને રાજયોગ શીખવાડે છે. બાપ કહે છે કે તમે મારા દ્વારા મને અને મારી રચનાને જાણવાથી બધુંજ જાણી જાઓ છો. બાકી કાંઈ જાણવા માટે નથી રહેતું. આટલી મોટી પરીક્ષા પાસ કરી લો છો અર્થાત્ માસ્ટર જાની-જાનનહાર બની ગયાં. ગોડલી સ્ટુડન્ટ ફક્ત બ્રાહ્મણ જ હોય છે. દેવતાઓ, વૈશ્ય કે શૂદ્ર કોઈ પણ ગોડલી સ્ટુડન્ટ નથી હોતાં. ભગવાનુવાચ હોય જ બ્રાહ્મણો પ્રતિ છે. જો કૃષ્ણ ભગવાનુવાચ હોત તો પણ કોનાં પ્રતિ? જરુર બ્રાહ્મણ જોઈએ. તો પ્રજાપિતા દ્વારા બ્રાહ્મણ રચે છે. રુદ્ર જ્ઞાન યજ્ઞ પણ બ્રહ્મા જ રચે છે. કૃષ્ણ જ્ઞાન યજ્ઞ તો ક્યારેય નથી કહેતાં. તો પહેલાં-પહેલાં સમજાવવાનું છે કે અમને ભણાવવા વાળા સ્વયં પરમપિતા પરમાત્મા છે જે જ્ઞાન સાગર છે. એ જ અમારા બાપ, શિક્ષક સદ્દગુરુ છે, પછી એમાં કોઈ ઉલ્ટો-સુલ્ટો પ્રશ્ન ઉઠાવવાની જરુર જ નથી. આટલાં અનેક બી.કે. છે કોઈ એક-બે નથી. પહેલાં-પહેલાં ભણવાનું જ અલ્ફ છે. અલ્ફ વગર મનુષ્ય કાંઈ પણ જાણી નથી શકતાં. એમને સમજાવવું જોઈએ કે પરમપિતા પરમાત્મા શિવ બ્રહ્મા મુખ દ્વારા બ્રાહ્મણ રચી રહ્યાં છે. એકલા બ્રહ્મા તો રચતા નથી. આ પોઈન્ટસ ધારણ કરવાનાં છે. બાબાની પાસે જ્ઞાન છે તો તમને ડીલેવરી કરે (આપે) છે. તમે છો જ્ઞાન ગંગાઓ. સાગર તો એક જ છે. આ બ્રહ્મા પણ જ્ઞાન કંઠ (મોઢે) કરે છે, તો આ પણ જ્ઞાન ગંગા થઈ. જ્ઞાન કંઠ કરવા વાળાને જ્ઞાન ગંગા કહેવાય છે. એમાં મેલ-ફિમેલ (પુરુષ-સ્ત્રી) બંને આવી જાય છે. જ્ઞાન સાગર તો એક જ બાપ છે. અહીં જુઓ પાણી નાં સાગરનાં તો ટુકડા-ટુકડા કરી દીધાં છે. સતયુગ માં જ્યારે એક જ સૂર્યવંશી રાજાઈ હતી તો સાગર નાં ટુકડા નહોતાં. ક્યાંય પણ જઈને સૈર કરી (ફરી) આવતા હતાં. ત્યાં કોઈ કહી ન શકે કે મારી હદમાં નહીં આવો અથવા પાણી ન લો. અહીં તો એક-બીજાનું પાણી જ બંધ કરી દે છે. કેટલાં ટુકડા થઈ ગયાં છે. હવે આપણે એક જ સચખંડ સ્વર્ગની સ્થાપના કરી રહ્યાં છીએ. બાપ નું પણ વિચાર સાગર મંથન થાય છે ત્યારે તો સમજાવે છે. બ્રહ્મા પણ કહેશે બધાં જીવ આત્માઓ મારા બાળકો છે. આદિ દેવ અથવા આદમ બધાનાં બાપ છે. એવું નથી એ સમયે કોઈ મનુષ્ય નહોતાં પછી આદમે આદમી (વ્યક્તિ) પેદા કર્યા. નહીં, નિરાકાર બાપને પહેલાં જરુર આદમ માં આવવું પડે ત્યારે તો મુખ વંશાવલી રચે. બાકી એવું નથી કોઈ મુખ થી નીકળી આવ્યાં અથવા નાસિકા તથા પવન થી પેદા થયાં. આ બધી છે ભક્તિની વાતો. મનુષ્ય તો કચ્છ-મચ્છને પણ પૂજતા રહે છે. તો પહેલી-પહેલી વાત છે કે આત્માઓનાં બાપ કોણ છે? એ જરુર સ્વર્ગ રચતા હશે. હમણાં તો નર્ક છે. હમણાં અમે સ્વર્ગ માટે રાજયોગ શીખી રહ્યાં છીએ, પરમપિતા પરમાત્મા દ્વારા. બ્રહ્મા પણ એમનાં દ્વારા ભણી રહ્યાં છે. પરમપિતા પરમાત્મા સર્વ આત્માઓનાં બાપ છે. બ્રહ્મા જીવ આત્માઓનાં બાપ છે. અમે એમનાં મુખ વંશાવલી બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીઓ છીએ. અમને જ્ઞાન તો પણ જ્ઞાન સાગર બાપ જ આપે છે. અમે શ્રીમત પર ચાલીએ છીએ, એ તો નામીગ્રામી છે. બ્રહ્મા ની મત મશહૂર (પ્રખ્યાત) છે. એવું ક્યારેય નથી કહેવાતું કે વિષ્ણુ પણ ઉતરી આવે તો પણ તમે નહીં માનશો. આ બ્રહ્મા માટે જ કહેવાય છે. એમને જ્ઞાન આપે છે શિવ. તમે પણ શ્રીમત પર ચાલી શ્રેષ્ઠ બનો છો. બાપ સમજાવે છે કે હું આવીને દેવતા ધર્મની સ્થાપના કરું છું. આ જે આર્ય સમાજી આટલી ખિટપિટ કરે છે એમને બોલો તમે દેવતાઓને તો માનતા નથી, એમને ખંડન કરવા વાળા છો. અમે છીએ દેવી-દેવતા ધર્મ નાં. તમારો ધર્મ અલગ, દેવી-દેવતા ધર્મ અલગ છે. દરેકને ફ્રીડમ (સ્વતંત્રતા) છે પોતાનાં ધર્મમાં કાંઈ પણ કરે. મુસલમાનો નો ધર્મ અલગ છે. તેઓ બહુજ ડિબેટ (વિવાદ) કરે છે કે તમે આવું કેમ કરો છો. આમ તો અમારો ધર્મ આદિ સનાતન દેવી-દેવતા ધર્મ છે, એનો જ પ્રચાર કરીએ છીએ. તમે ઇન્ટરફિયર (દખલઅંદાજી) કેમ કરો છો? એમને પણ યુક્તિ થી સમજાવવાનું છે. એમની સાથે ડિસ્કસ (દલીલ) કરવાની જરુર નથી. એનાંથી તેઓ સમજશે નહીં. જે પણ કોઈ આવે તો બાપનો પરિચય આપો. અમે બાપ પાસે થી વારસો લઈ રહ્યાં છીએ. તમારે પણ લેવો હોય તો આવો. બાપ અમરલોક સ્થાપન કરી રહ્યાં છે તેથી તમારે પાવન જરુર બનવું પડે. બાપ કહે છે આ રાવણ પર જીત જરુર મેળવવાની છે. અમે શક્તિ સેના જીત મેળવી રહ્યાં છીએ. અમારા ઉસ્તાદ કેવી રીતે અમને જીત મેળવવાનું શીખવાડી રહ્યાં છે, તે આવો તો અમે તમને સમજાવીએ. જો તમારે જીત મેળવવી છે તો તમે પણ શક્તિદળ માં શામિલ થઈ (આવી) જાઓ. બાકી ફાલતું વાતો નહીં કરો. પરંતુ આ ફલકથી કહી તે જ શકશે જેમની પાસે જ્ઞાનની પુંજી હશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત- પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડ મોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. જ્ઞાન ને કંઠ કરી માસ્ટર જ્ઞાન સાગર અથવા જ્ઞાનગંગા બની પતિતો ને પાવન બનાવવાની સેવા કરવાની છે.
2. દરેકને બહુજ યુક્તિ થી સમજાવવાનું છે, કોઈની સાથે પણ ડિસ્કસ (દલીલ) નથી કરવાની. બધાંને બાપ નો પરિચય આપવાનો છે.

વરદાન :- પ્યોરિટી ની પર્સનાલિટી ( પવિત્ર વ્યક્તિત્વ ) અને રોયલ્ટી દ્વારા બાપ ના સમીપ આવવા વાળા દેહી અભિમાની ભવ

જેવી રીતે શરીરની પર્સનાલિટી આત્માઓ ને દેહભાન માં લાવે છે, એવી રીતે પ્યોરિટીની પર્સનાલિટી દેહી-અભિમાની બનાવી બાપ ના સમીપ લાવે છે. પ્યોરિટી ની પર્સનાલિટી આત્માઓને પ્યોરિટી તરફ આકર્ષિત કરે છે, પ્યોરીટી ની રોયલ્ટી ધર્મરાજપુરી ની રોયલ્ટી આપવાથી છોડાવી દે છે. એ જ રોયલ્ટી અનુસાર ભવિષ્ય રોયલ ફેમિલીમાં આવી શકશો. દેહી-અભિમાની બાળકો આ પર્સનાલિટી દ્વારા બાપનો સાક્ષાત્કાર કરાવવા વાળા રુહાની દર્પણ બની જાય છે.

સ્લોગન :- દરેકની વિશેષતા જોવાનાં ચશ્મા સદા લાગેલા (પહેરેલા) રહે તો વિશેષ આત્મા બની જશો.

માતેશ્વરીજી ના અણમોલ મહાવાક્ય

૧ ) આપણો આ જે ઈશ્વરીય સત્સંગ છે, કોમન (સામાન્ય) સત્સંગ નથી. આ છે ઈશ્વરીય સ્કૂલ, કોલેજ. જે કોલેજમાં પોતે રેગ્યુલર સ્ટડી કરવાની (નિયમિત ભણવાનું) છે, બાકી તો ફક્ત સત્સંગ કરવો, થોડો સમય ત્યાં સાંભળ્યું પછી તો જેવાં છે તેવાં જ બની જાય છે કારણ કે ત્યાં કોઈ રેગ્યુલર ભણતર નથી મળતું, જ્યાંથી કોઈ પ્રાલબ્ધ બને એટલે આપણો સત્સંગ કોઈ કોમન સત્સંગ નથી. આપણી તો ઈશ્વરીય કોલેજ છે, જ્યાં પરમાત્મા બેસી આપણને ભણાવે છે અને આપણે તે ભણતરની પૂરી ધારણા કરી ઊંચ પદ ને પ્રાપ્ત કરીએ છીએ. જેવી રીતે રોજ સ્કૂલમાં માસ્ટર (શિક્ષક) ભણાવી ડીગ્રી આપે છે તેવી રીતે અહીં પણ સ્વયં પરમાત્મા ગુરુ, પિતા, શિક્ષક નાં રુપ માં આપણને ભણાવી સર્વોત્તમ દેવી-દેવતા પદ પ્રાપ્ત કરાવે છે એટલે આ સ્કૂલમાં જોડાવું જરુરી છે. અહીં આવવા વાળાએ આ જ્ઞાન સમજવું જરુરી છે, અહીંયા કઈ શિક્ષા મળે છે, આ શિક્ષા લેવાથી આપણને શું પ્રાપ્તિ થશે! આપણે તો જાણી ચૂક્યા છીએ કે આપણને સ્વયં પરમાત્મા આવીને ડીગ્રી પાસ કરાવે છે અને પછી એક જ જન્મમાં આખો કોર્સ પૂરો કરવાનો છે. તો જે શરુથી લઈને અંત સુધી આ જ્ઞાન નાં કોર્સને પૂરી રીતે ઉઠાવે છે તેઓ ફુલ (પૂરેપૂરાં) પાસ થશે, બાકી જે કોર્સની વચ્ચે આવશે તેઓ તો જ્ઞાનને આટલાં ઉઠાવશે નહીં, એમને શું ખબર આગળ નો કોર્સ શું ચાલ્યો? એટલે અહીં રેગ્યુલર ભણવાનું છે, આ જ્ઞાનને જાણવાથી જ આગળ વધશો એટલે રેગ્યુલર ભણવાનું છે.

૨ ) ભગવાનુવાચ બાળકો પ્રત્યે બાળકો, જ્યારે પરમાત્મા સ્વયં સૃષ્ટિ પર ઉતરેલા છે, તો એ પરમાત્માને આપણે પાક્કો હાથ દેવાનો છે પરંતુ પાક્કા સાચ્ચા બાળકો જ બાબાને હાથ આપી શકે છે. આ બાપનો હાથ ક્યારેય નહીં છોડતા જો છોડશો તો પછી નિધન (ધણી વગરનાં) બની ક્યાં જશો! જ્યારે પરમાત્મા નો હાથ પકડી લીધો તો પછી સૂક્ષ્મમાં આ સંકલ્પ ન જોઈએ કે હું છોડી દઉં અથવા સંશય ન હોવો જોઈએ. ખબર નહીં અમે પાર કરીશું કે નહીં, ઘણાં એવાં પણ બાળકો હોય છે જે પિતા ને ન ઓળખવાના કારણે પિતાની પણ સામે થાય છે અને એવું પણ કહી દે છે અમને કોઈની પણ પરવાહ નથી. જો એવો ખ્યાલ આવ્યો તો એવાં ન લાયક બાળકોની સંભાળ પિતા કેવી રીતે કરશે? પછી તો સમજો પડ્યાં કે પડ્યાં કારણ કે માયા તો પાડવાની ખૂબજ કોશિશ કરે છે કારણ કે પરીક્ષા તો અવશ્ય લેશે કે કેટલાં સુધી યોધ્ધા રુસ્તમ પહેલવાન છે! હવે આ પણ જરુરી છે, જેટલાં-જેટલાં આપણે પ્રભુની સાથે રુસ્તમ બનતાં જઈશું એટલી માયા પણ રુસ્તમ બની આપણને પાડવાની કોશિશ કરશે. જોડી પૂરી બનશે જેટલાં પ્રભુ બળવાન છે તો માયા પણ એટલી બળવાની દેખાડશે, પરંતુ આપણને તો પાક્કો નિશ્ચય છે અંતે પણ પરમાત્મા મહાન બળવાન છે, અંતે એમની જીત છે. શ્વાસો શ્વાસ આ વિશ્વાસ માં સ્થિત થવાનું છે, માયા ને પોતાની બળવાની દેખાડવાની છે, એ પ્રભુની આગળ પોતાની કમજોરી નહીં દેખાડે, બસ એકવાર પણ કમજોર બન્યાં તો ખલાસ થયાં એટલે ભલે માયા પોતાનો ફોર્સ દેખાડે, પરંતુ પોતે માયાપતિ નો હાથ નથી છોડવાનો, તે હાથ પૂરો પકડ્યો તો સમજો એની વિજય છે, જ્યારે પરમાત્મા આપણા માલિક છે તો હાથ છોડવાનો સંકલ્પ ન આવો જોઈએ. જો હાથ છોડ્યો તો મોટાં મૂર્ખ થયાં એટલે પરમાત્મા કહે છે, બાળકો જ્યારે હું સ્વયં સમર્થ છું, તો મારો સાથ હોવાથી તમારે પણ સમર્થ અવશ્ય બનવાનું

છે. સમજ્યાં, બાળકો. અચ્છા. ઓમ્ શાંતિ.